## Pandya Renuka Kurjibhai



Plot No. 75/B, Kaminiyanagar,
Talaja Road, **Bhavnagar.**
Cell No. 9429469551
Disability : Orthopedic Handicapped

## I AM FORTUNATE BECAUSE....

I have completed Basic Course and learning DTP in the AT&T Tech. Park. Besides computer skills, I have learnt many other useful things for making a good career.

## હું નસીબદાર છું કારણ કે...

મેં એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં, બેઝિક કોર્સ પૂરો કરેલ છે અને અત્યારે ડી.ટી.પી. કોર્સ ચાલુ છે. હું નસીબદાર છું કારણ કે એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં મને ઘણું જ શીખવા મળેલ છે. બીજી ઘણી પ્રકારની વિશિષ્ટ તાલિમ અહીં મળી રહી છે.



## Jambucha Gavu Merabhai



Village : Paniyali, Taluko : Talaja
Dist. : Bhavnagar.
Cell No. 9638544487
Disability : Partially Blind

## HOMELY PLATFORM FOR DISABLED

I am 75% Visually Impaired. I underwent free computer Training at AT&T Technology Park. I can now move ahead in my career with computer operation skill as my asset. The most important facility the AT&T Technology Park provides is of lodging and boarding for trainees. This only encourages out-station- nearby rural area disabled boys and girls to take advantage of and become independent and join mainstream.

## વિકલાંગો માટે ઉપયોગી આધાર

મને ૭૫% અંધત્ત્વ છે. મેં એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં કોમ્પ્યુટરની તાલિમ લીધી. કોમ્પ્યુટર શીખી ગઈ હોવાથી, હું મારી કારકીર્દિમાં આગળ વધી શકીશ. નોકરી મેળવવા માટે કોમ્પ્યુટરની આવડત ખૂબજ ઉપયોગી થશે.

સંસ્થામાં છાત્રાલયની સુવિધા પણ હોઈ અમારા જેવાં વિકલાંગ ભાઈ-બહેનોને કોમ્પ્યુટર તાલિમ મેળવવાની તક મળી રહે છે, જે વિકલાંગો માટે ઉપયોગી આધાર સમાન છે.

## Mori Navghan Jinabhai

Village : **Juna Rajpara**
Taluko : Talaja, District : Bhavnagar
Cell no : 9723522060
Disability : Orthopedic Handicapped



## I WANTED TO BE A TEACHER

At the age of one and half year I had a fever which resulted in my being disabled with both legs. I studied hard as I wanted to be a teacher. For this I must have computer skills. But I was not economically sound to pursue the same.

At this juncture I got information about AT&T Technology Park of PNR Society rendering computer training to the disabled free of charge. I got lodging and boarding facility too. I am undergoing training. I am now confident that my dream will come true.






## મારે શિક્ષક થવું છે એટલે...

મારો પરિવાર મજુરીકામ કરે છે. મને દોઢ વર્ષની ઉંમરે તાવ આવેલો અને હું બંને પગે વિકલાંગ બન્યો. ખૂબજ સંઘર્ષ સાથે અભ્યાસ કર્યો, પરંતુ મારે શિક્ષક થવું છે એટલે કોમ્પ્યુટર શીખવું પણ ખુબ અગત્યનું હતું. પરંતુ તે શીખવા માટે આર્થિક રીતે હું સક્ષમ ન હતો, એવામાં મને એક મિત્રએ એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કની માહિતી આપી. અને મેં એડમિશન મેળવ્યું. અહીં મનો રહેવા જમવાની સુવિધા પણ મળી ગઈ.

હાલમાં હું અહીં તાલિમ મેળવી રહયો છું. મારું સ્વપ્ન સાકાર થશે, એવું મને જણાય છે.

**Bhatt Narendra Rameshchandra**
'Satyam', 8-12-G, Amidhara Tenement-2
Opp. Top-3, Talaja Rd.,**Bhavnagar.**
Cell no : 9998373917
Disability : Orthopedic Handicapped
Monthly Income : Rs. 15,000



## WHEN OUR TIME IS NOT GOOD...

Believed to be hard to learn computer skill for disabled and that too by disabled by both legs, I happened to know about AT&T Tech. Park where computer training was being rendered to the disabled free of charge. I joined the park immediately. I completed Computer Basic and DBM Courses. I worked as Designer in Yog Digital, Bhavnagar during 2002 to 2008 with a salary of Rs.3,000 per month which increased to Rs. 5,000 when I left. I joined then Circle Graphics where I was drawing Rs. 6,000 per month. Simultaneously, I worked in Government Press as Apprentice in 2015 to 2016. I also worked in Dell Ceramic company of Morvi. Since 2016 I am running my own business in the name 'Vogue Graphics' where I do computer art work, banner-hoarding design. At present I earn Rs. 15,000 per month. I profusely thank the PNR Society for moulding my future in a way that I live an honourable life in the mainstream.





# જયારે આપણાં દિવસો સારા નથી હોતા ત્યારે...

બંને પગે વિકલાંગ હોવા છતાં નાનપણથી જ મારું મનોબળ મક્કમ. કોમ્પ્યુટર યુગના પ્રારંભિક તબક્કામાં જ, વિકલાંગો માટે કોમ્પ્યુટર શીખવું જયારે અશક્ય ગણાતું એવા સમયે, મને એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં એડમિશન મળ્યું. આત્મબળે ઉભા થવાના પ્રયાસનું મારું પહેલું પગથિયું, એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક હતું. અહીં વર્ષ ૨૦૦૧ માં કોમ્પ્યુટર બેઝિક અને ડેટાબેઝ મેનેજમેન્ટ કોર્સ કર્યો. બીજા જ વર્ષે ‘યોગ ડીજીટલ’માં કોમ્પ્યુટર ઓપરેટરની નોકરી મળી. જયાં ૨૦૦૨ થી ૨૦૦૮ સુધી ડિઝાઈનર તરીકે કામગીરી કરી ત્યાં રૂા. ૩૦૦૦ થી પગાર શરુ થયેલ અને વધતાં વધતાં રૂા. ૫૦૦૦ સુધી પગાર મળ્યો. ૨૦૦૯ થી






૨૦૧૪ દરમ્યાન, ‘સર્કલ ગ્રાફિકસ’માં આર્ટિસ્ટ તરીકે રૂા. ૬૦૦૦નો પગારથી કામગીરી કરી. સાથોસાથ બે વર્ષ સરકારી પ્રેસ, ભાવનગરમાં એપ્રેન્ટિસશિપ પણ કરી. ૨૦૧૫ થી ૨૦૧૬ સુધી, મોરબીની ટાઈલ્સ કંપનીમાં, ટાઈલ્સની ડિઝાઈન બનાવવા માટે રૂા. ૧૦,૦૦૦ ના પગારથી ઓફર મળી, તે સ્વીકારી, પરંતુ ફેકટરીનું પ્રદૂષણ માફક નહી આવતાં, તે કામગીરી છોડવી પડી. ૨૦૧૬ થી "વોગ ગ્રાફિકસ" નામથી પોતાનો વ્યવસાય શરુ કરેલ છે. જેમાં કોમ્પ્યુટર આર્ટવર્ક, બેનર ડિઝાઈન, હોર્ડીંગ ડિઝાઈન, ડિજીટલ ફોટો ક્રિએશનનું કામ કરું છું અને દર મહિને અંદાજે રૂા. ૧૫,૦૦૦ જેટલી આવક થાય છે.

જયારે આપણા દિવસો સારાં હોતા નથી અને વધુમાં વધુ સંઘર્ષપૂર્ણ હોય છે, ત્યારે જ આપણને વધુને વધુ કંઈક નવું શીખવા મળે છે. નવું જ્ઞાન પ્રાપ્ત થાય છે. વિકલાંગતાને કારણે જીવન સંઘર્ષમય બન્યું, પણ એ સંઘર્ષનો સામનો કરી શકયો એ મારા માટે આનંદની વાત છે. અને એથી પણ વધુ આનંદની વાત એ છે કે મારી સફળતા બદલ પી.એન.આર. સોસાયટીએ મને પ્રોત્સાહિત કરવા માટે એવોર્ડ આપ્યો અને મારાં આત્મવિશ્વાસમાં ઉમેરો થઈ ગયો.


**Vyas Rajvi Devangbhai**
67, Akshar Park, Near Manglam Hall,
Bharatnagar, **Bhavnagar.**
Cell No. 9428275876
Disability : Cerebral Palsy



## FOR BEING ECONOMICALLY INDEPENDENT I THOUGHT....

Due to Cerebral Palsy I used to face a lot of difficulties for outing. I needed somebody's help for outing. In spite, I studied upto VII$^{th}$ Std. For Std. VIII took admission in C. P. School. Along with this I wanted to learn computer and joined the AT&T for the same. I completed basic and now I am undergoing DTP Course. I want to use this skill for becoming financially independent. I am sure, I will succeed.





## આર્થિક રીતે પગભર થવા માટે એવું વિચાર્યુ છે કે ....

સેરેબ્રલ પાલ્સીને કારણે, અવરજવર કરવા માટે, દરેક સમયે કોઈકની મદદની જરુર પડે. અત્યંત સમસ્યાઓ હોવા છતાં આત્મબળે ધોરણ ૧ થી ૭ સુધી નોર્મલ સ્કૂલમાં અભ્યાસ બાદ ધોરણ ૮ થી પીએનઆર સોસાયટીની સી.પી. સ્કૂલમાં એડમિશન લીધું. આત્મવિશ્વાસમાં ઉમેરો થતો ગયો. અભ્યાસની સાથેસાથે કોમ્પ્યુટર શીખવાનો મને શોખ હતો અને સમધારણ લોકોની સરખામણીમાં હું પાછળ ન રહી જાંઉ, એ માટે જરુરી પણ હતું. આ માટે શાળાના પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન શાહનું માર્ગદર્શન લઈ, એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં, કોમ્પ્યુટર બેઝિકનો કોર્સ પૂરો કર્યો અને ડી.ટી.પી.ના કોર્સમાં હાલમાં હું તાલિમ મેળવી રહી છું. તાલિમ માટે રોજ મારા મમ્મી, મારી સાથે આવે છે. આર્થિક રીતે પગભર થવા એવું વિચાર્યુ છે કે, ભવિષ્યમાં મારા ઘરે કોમ્પ્યુટર કામ કરીશ અને એમાં હું જરુર સફળ થઈશ.

# Valani Manu Kamabhai



Village : **Bhojpari,** Taluko : Chotila,
Dist. : Surendranagar.
Cell No. 9662705324
Disability : Orthopedic Handicapped
Monthly Salary : Rs. 1,500

## I HAD CHERISHED DESIRE TO HAVE MY OWN PHOTO STUDIO

On account of polio at the age of 8 years I lost one leg. I started worrying about my future. There was no facility of learning the art of photo around. My economics did not permit me to go out.

I then came to Bhavnagar and joined AT&T Technology Park to learn Computer Basic and Photoshop. Having completed these courses I joined Microsign Company with Rs.1,500/- per month salary. I had cherished desire to have my own Photo studio. Now I see good future.I am indebted to AT&T Technology Park.

## મારો પોતાનો ફોટો સ્ટુડિયો હોય એવી મારી ઈચ્છા છે

આઠ વર્ષનો હતો ત્યારે તાવ આવવાથી, પોલિયોને કારણે મેં પગ ગુમાવ્યો. ઓપરેશન કરાવ્યું, પણ ઘુંટણને ટેકે ચાલવું પડે. સમજણ આવી ત્યારથી, ભવિષ્યની ચિંતા થવા લાગી. ઘરની આર્થિક સ્થિતી નબળી. મારો પોતાનો સ્ટુડિયો હોય અને એ વ્યવસાયમાંથી મારી જવાબદારીઓ પુરી કરીશ, એવું નક્કી કર્યું. પરંતુ એ માટે ફોટોશોપ સોફ્ટવેર શીખવું જરુરી હતું. અમારા ગામમાં તો આવી કોઈ સગવડતા પણ નથી અને નજીકના મોટા શહેરમાં ફોટોશોપના કોર્સની ફી પણ હું ભરી શકું તેમ ન હતો. એથી મારા ગામથી આટલે દૂર ભાવનગર આવી, એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં બેઝિક કોર્સ પૂરો કરી ફોટોશોપ કોર્સમાં મેં એડમિશન લીધું. મારા રસનો વિષય હોવાથી, હું ખૂબ ઝડપથી સોફ્ટવેર શીખી રહયો છું. ફોટો એડિટ કરવાનું આવડતું જાય છે.

સાથો-સાથ અહીંથી મળેલ માહિતીના આધારે, માઈક્રોસાઈન પ્રોડકટસ, ભાવનગરમાં જ પાર્ટ ટાઈમ જોબ મળી ગઈ, જેમાં મને દર મહિને રૂા. ૧૫૦૦ પગાર મળે છે. જે હું બચાવી રહયો છું. આમ, મારાં વર્તમાન અને ભવિષ્યના એમ બંને સંજોગો ઉજળા દેખાઈ રહયા છે, એ બદલ હું સંસ્થાનો આભારી છું.



## Makwana Ashok Madhabhai



Village : **Garibpura**
Taluko : Ghogha, Dist. : Bhavnagar
Cell no : 9909795303
Disability : Orthopedic Handicapped
Monthly Salary : Rs. 10,000

### I CHANGED MY DECISION THOUGH I WANTED TO BE IN BHAVNAGAR

Having lost both legs I was worried about my future. I started using tricycle when I was 11 year old. In spite, I used to find a lot many difficulties. Economic conditions did not permit me to learn computer skills. I learnt from an advertisement that AT&T Technology Park of the PNR Society was rendering computer training free of charge to the disabled. I seized the opportunity and joined the Park. As soon as I got computer training I got a job. This was my first success.

Shri Kaushikbhai of AT&T Park used to advise me to go out of Bhavnagar and try for a job in big companies. I wanted to remain in Bhavnagar but for a change I accepted his advice and went to Ahmedabad where a Mobile Phone company selected me. I joined it and now I am fully happy drawing Rs. 10,000/- per month.I will remain indebted to AT&T Technology Park for ever.



### મારે ભાવનગરમાં જ રહેવું હતું તેમ છતાં મેં નિર્ણય બદલ્યો

નાનપણથી જ બંને પગ ગુમાવ્યા હોવાથી ઢસડાઈને ચાલવું પડે, એટલે મારા ભવિષ્ય બાબતે હું સતત ચિંતીત રહયાં કરતો. ૧૨ વર્ષની ઉંમરથી ટ્રાયસિકલનો ઉપયોગ શરુ કર્યો. તેમ છતાં અવરજવરમાં ખૂબજ સમસ્યાઓ થાય. પરિવારની આર્થિક સ્થિતી અત્યંત નબળી.

કોઈ નોકરી આપે નહીં. કોમ્પ્યુટર પણ આવડે નહીં, એટલે મનમાં સતત ટેન્શન રહયા કરે. છાપામાં આવેલી જાહેરાતથી એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કની માહિતી મળતાં જ એડમિશન લઈ કોમ્પ્યુટર શીખી લીધું અને ટુંક સમયમાં જ ભાવનગરમાં ‘લીલા ઉષા ટ્રસ્ટ’માં ડેટા એન્ટ્રી ઓપરેટર તરીકે નોકરી મળી. થોડી આવક શરુ થઈ. આ મારી પહેલી સફળતા હતી. મોટો થયો ત્યાં સુધી ગામડામાં રહેલો એટલે ભાવનગરમાં રહેવું ખુબ ગમતું. એ.ટી.એન્ડ ટી.ના એડમિન કૌશિકભાઈ વારંવાર કહેતા કે અમદાવાદ જઈને મલ્ટીનેશનલ કંપનીના પણ ઈન્ટરવ્યુ આપો. ત્યારે હું કહેતો કે ‘‘ના, મારે ભાવનગર છોડવું નથી’’. પરંતુ કૌશિકભાઈનું માર્ગદર્શન લઈ અમદાવાદ ઈન્ટરવ્યુ આપ્યું અને હું  અમદાવાદમાં મોબાઈલ ફોન કંપનીની કામગીરી માટે સિલેક્ટ થયો.આજીવન કોઈના ઉપર આધારિત થઈને રહેવું પડશે, એવી લઘુતાગ્રંથીમાંથી બહાર આવી ગયો છું. સંસ્થાએ કરેલી મદદ આજીવન યાદ રહેશે.





## એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં વિશેષ તાલિમ

મલ્ટીનેશનલ કંપનીમાં જોબ ઈન્ટરવ્યુ ટ્રેઈનિંગ

## Special Training at AT&T Technology Park

Training of Job Interview in Multi-national Company



